IAS લોઢા સ્મીમેર - સિટી બસને ટ્રેક પર લાવશે

મનપા ગાંઠનું ગોપીચંદન કરીને કરવેરાના કરોડો રૂપિયાનું આંધણ કરે

ડેપ્યુટી કમિશનરે એક જ દિવસે બે મોટા નિર્ણયો લીધા

સુરત : લાંબા સમયથી સુરત મનપાના વહીવટનું ગાડું પાટા પરથી ઉતરી ગયા જેવી સ્થિતી છે. નાસીર નગર પ્રકરણથી કમિશનર અટવાઇ ગયા, ત્યાર બાદ ખાડી પુર અને એક પછી એક પડકારો તેમાં સુરત મનપામાં ઉચ્ચ અધિકારીઓની તિવ્ર અછતની અસર મનપાના વહીવટ અને સુવિધાના કામોમાં પડી રહી છે. મોટા ભાગના વિભાગોમાં લશ્કર ક્યાં લડે તે તે કોઇને ખબર નથી ત્યારે રાજય સરકારે ડેપ્યુટેશન પર મોકલેલા આઇએએસ સ્મીત લોઢાએ પોતાને ફાળવાયેલા વિભાગો સિટીલિંક અને સ્મીમેરની સીસ્ટમમાં પેસી ગયેલી ગેરરીતીની બીમારીઓને દુર કરવા કમર કસી છે. સ્મીમેર અને સિટીલિંક બન્ને પાછળ મનપા ગાંઠનુ ગોપીચંદન કરીને કરવેરાના કરોડો રૂપીયાનું આંધણ કરે છે પરંતુ ખરેખર જેટલા અબજ રૂપીયા વપરાય છે તેટલી સેવા લોકો સુધી પહોંચતી નથી ત્યારે આ બન્ને વિવાદી વિભાગોનો પડકારરૂપ હવાલો સંભાળી રહેલા ડેપ્યુટી કમિશનરે એક જ દિવસે બે મોટા નિર્ણયો લીધા છે.

સિટી લિંકની 'મલાઇ' ખંખેરતી એજન્સીને 24 કરોડની પેનલ્ટી

JBMને રૂ. 21.50 કરોડ, Olectraને રૂ. 1.90 કરોડ, હંસા ટ્રાવેલ્સને 50 લાખની પેનલ્ટી

સુરત : મનપાની સીટીલિંકની જાહેર પરિવહન સેવા વર્ષોથી ખાનગી એજન્સીઓના ભરોસે ચાલી રહી છે અને બીજી તરફ મુસાફરોની ફરિયાદોનો સિલસિલો પણ યથાવત્ રહ્યો છે. બસો બ્રેકડાઉન થાય, ઇલેક્ટ્રિક બસોની બેટરી જવાબ આપી દે, બસ સમયસર ન આવે કે પછી આખી ટ્રિપ જ રદ થઈ જાય–મુસાફરોની હાલાકી જાણે રોજિંદી બની ગઈ હતી. હવે પહેલી વખત આ સમસ્યાઓ સામે મનપાના ડેપ્યુટી કમિશનર અને સીટીલિંકની જવાબદારી સંભાળતા IAS સ્મીત લોઢાએ લાલ આંખ કરતાં એજન્સીઓમાં ફફડાટ ફેલાયો છે.

સ્મીત લોઢાની દેખરેખ હેઠળ કરારની શરતોના ઉલ્લંઘન સામે કરવામાં આવેલી પ્રારંભિક કાર્યવાહીનું પરિણામ એવું આવ્યું છે કે એક-બે નહીં, પરંતુ કુલ 24 કરોડની પેનલ્ટીની નોટીસ એજન્સીઓ પર ફટકારવામાં આવી છે. જેમાં સૌથી મોટો ફટકો JBMને પડ્યો છે. કરારની શરતોનું પાલન ન કરવા બદલ એકલી JBM સામે જ 21.50 કરોડની પેનલ્ટી કરવામાં આવી છે. જ્યારે Olectra સામે પણ વિવિધ ખામીઓ બદલ 1.90 કરોડનો દંડ અને સીટી બસની એજન્સી હંસા ટ્રાવેલ્સને 50 લાખનો દંડ ફટકારાયો છે. રોજના અંદાજે 2.50 લાખ મુસાફરો BRTS અને સિટી બસનો ઉપયોગ કરે છે અને શહેરના વિવિધ રૂટ પર આશરે 600 બસો દોડે છે. આટલી મોટી જાહેર પરિવહન વ્યવસ્થા હોવા છતાં જો બસો વારંવાર ખોટકાય, બેટરીની સમસ્યા સર્જાય અને મિસ ટ્રિપના કારણે મુસાફરો રસ્તા પર અટવાય તો જવાબદારી કોની?

સ્મીમેરના 19 અનિયમિત પ્રોફેસર અને ડોક્ટરોને નોટિસ ફટકારી

કરોડોના ખર્ચ સામે શહેરીજનોને ગુણવત્તાયુક્ત સેવા મળે તે માટે ઝુંબેશ

તમામને ફરજિયાત ઓપીડીમાં 9 વાગ્યે હાજર થઇ જવા તાકીદ

સુરત : મહાનગરપાલિકામાં રાજ્ય સરકાર દ્વારા ડેપ્યુટેશન પર મોકલાયેલા IAS ડેપ્યુટી કમિશનર સ્મીત લોઢાએ સ્મીમેર હોસ્પિટલમાં પણ કામગીરીનો સપાટો બોલાવ્યો છે. સ્મીત લોઢા પાસે સ્મીમેર હોસ્પિટલના ઓફિસર ઓન સ્પેશિયલ ડ્યુટી (OSD) તરીકેનો ચાર્જ છે. હોસ્પિટલમાં તબીબોની અનિયમિતતા સહિતની બાબતોને લઈને હાથ ધરાયેલી તપાસ દરમિયાન એસોસિયેટ પ્રોફેસર, ટ્યુટર અને AHOD સહિતના આશરે 19 પ્રોફેસર-ડોકટરોને નોટિસ પાઠવવામાં આવતા સ્મીમેરના વર્તુળોમાં સન્નાટો છવાઈ ગયો છે. સ્મીત લોઢાએ જવાબદાર તમામ ડોકટરો-પ્રોફેસરોને ઓપીડીમાં 9 વાગ્યે ફરજીયતા હાજર થવા કડક સુચના આપી છે.

સુરત મહાનગરપાલિકા દ્વારા સ્મીમેર હોસ્પિટલ અને મેડિકલ કોલેજના સંચાલન પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. શહેરીજનોને નજીવા દરે ખાનગી હોસ્પિટલોને ટક્કર આપે તેવી તબીબી સુવિધા ઉપલબ્ધ કરાવવાના હેતુથી સ્મીમેર કાર્યરત છે.

જોકે, હોસ્પિટલમાં ડોકટરોની અનિયમિતતા અને કેટલાક સ્ટાફના વર્તનને લઈને સમયાંતરે વિવાદો ઊભા થતા રહે છે. જેના કારણે પાલિકાની છબી પણ ખરડાતી હોવાની સ્થિતિ છે. પ્રજાના કરવેરામાંથી કરોડો રૂપિયા ખર્ચીને ચલાવવામાં આવતી હોસ્પિટલમાં શહેરીજનોને ઉચ્ચ કક્ષાની અને નિયમિત તબીબી સેવા મળી રહે તે હેતુથી સ્મીત લોઢાએ સ્મીમેરમાં કામગીરીની સમીક્ષા અને નિયમિતતા અંગે ઝુંબેશ શરૂ કરી છે.

સ્મીમેરમાં એક જ જગ્યાએ તમામ પ્રકારની દવા મળે તેવી વ્યવસ્થા વિચારાધીન

સ્મીમેર હોસ્પિટલમાં જેનરિક દવાનો સ્ટોર હાલ બંધ છે. બીજી તરફ લાલકેસના લાભાર્થી દર્દીઓને દવા આપવા અંગેના નવા નિયમો અમલમાં આવ્યા બાદ અન્ય મેડિકલ સ્ટોરમાં થતી ગેરરીતિ પર પણ અંકુશ આવ્યો છે. પરિણામે અગાઉ થતી 'મલાઇદાર' આવક બંધ થતાં સ્ટોરના સંચાલક દ્વારા ઇજારો છોડી દેવાની તૈયારી હોવાની ચર્ચા છે. આ સ્થિતિ વચ્ચે સ્મીમેર હોસ્પિટલના OSD અને ડેપ્યુટી કમિશનર સ્મીત લોઢાએ આગામી સમયમાં દર્દીઓને દવા મેળવવામાં સરળતા રહે તે માટે નવી વ્યવસ્થા વિચારાઈ રહી હોવાનું જણાવ્યું છે. એક જ સ્થળે જેનરિક, બ્રાન્ડેડ જેનરિક, બિન-જેનરિક તેમજ લાલકેસ હેઠળના દર્દીઓ માટેની દવા અલગ-અલગ સ્ટોલ પરથી ઉપલબ્ધ કરાવવાની વ્યવસ્થા વિચારાધીન છે.નવી વ્યવસ્થા અમલમાં આવે તો દર્દીઓને અલગ-અલગ જગ્યાએ દવા માટે ભટકવું નહીં પડે અને અલગ સ્ટોલ પરથી દવા તાત્કાલિક મળી રહે તેવી વ્યવસ્થા ઊભી કરી શકાય.

આજે શ્રાવણનો 28મો દિવસ

ભક્તોનું માનીતું 100 વર્ષ જૂનું ચોકબજારનું કુબેર ભંડારી મહાદેવ મંદિર

શ્રાવણમાં મહાદેવનો મહિમા

સુરતઃ ચોક બજાર ખાતે આવેલું પ્રાચીન કુબેર ભંડારી મહાદેવ મંદિર શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું મહત્વનું કેન્દ્ર બન્યું છે. ખાસ કરીને અમાસના દિવસે મંદિરે વહેલી સવારથી જ ભક્તોની ભારે ભીડ જોવા મળે છે. શ્રદ્ધાળુઓ ભગવાન શિવના દર્શન કરી જળ, દૂધ અને બીલીપત્ર અર્પણ કરી ધન્યતા અનુભવે છે. શ્રાવણ માસ દરમિયાન મંદિરમાં ભક્તોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થાય છે અને મોટી સંખ્યામાં શિવભક્તો દર્શન-પૂજન માટે ઉમટી પડે છે. અમાસ તથા શ્રાવણના પવિત્ર દિવસોમાં મંદિર પરિસર હર હર મહાદેવના જયઘોષથી ગુંજી ઊઠે છે.

સંક્ષિપ્ત સમાચાર

મૂવર્સ ધ ચેરિટી ટ્રસ્ટ અને હોલિડેઝ દ્વારા જન્માષ્ટમીની ઉજવણી

સુરતઃ મૂવર્સ ધ ચેરિટી ટ્રસ્ટ અને મૂવર્સ હોલિડેઝ પ્રાઇવેટ લિમિટેડ દ્વારા સતત પાંચમા વર્ષે ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવ નિમિત્તે ભવ્ય જન્માષ્ટમી અને દહીંહાંડી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આશરે ૨૦૦ જેટલા દહીંહાંડી ખેલૈયાઓ ભાગ અને પરંપરાગત રીતે દહીંહાંડી ફોડી ઉજવણીમાં જોડાયા હતા. મૂવર્સ ધ ચેરિટી ટ્રસ્ટના મુસ્તફા તાપિયા, દુર્રિયા તાપિયા, નોસિર તાપિયા અને રજિયા તાપિયાના સંયુક્ત પ્રયાસોથી છેલ્લા પાંચ વર્ષથી આ સુંદર પરંપરા સતત આગળ વધી રહી છે.

કેએસકેપી વિદ્યાલયના વિદ્યાર્થીઓ ખોખોમાં રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા

સુરતઃ શ્રી ઉત્તર ગુજરાત એજ્યુકેશન ટ્રસ્ટ, ભટાર સંચાલિત કે.એસ.કે.પી. માધ્યમિક અને ઉચ્ચ.મા. વિદ્યાલયના વિદ્યાર્થીઓમાં ધો-10 નો સાહિલ એલ. ઝાંઝે અને ધો-11 નો મયંક બી. કોરપે SGFI- 2026 સ્કૂલ ગેમ દ્વારા આયોજિત જિલ્લા કક્ષાની U-17(ભાઈઓ) માં ખો ખો સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવી રાજ્યકક્ષાએ પસંદગી પામ્યા છે. જેનું આયોજન જળકાંતિ મેદાન, સ્પોર્ટ કોમ્પ્લેક્ષ, વરાછા ખાતે થયું હતું. એમની આ ઉજ્જવળ સિદ્ધિ બદલ શાળાના પ્રમુખ પી. બી. પટેલ, મંત્રી કે. એન. પટેલ શિ.સ. કન્વીનર ચેલાભાઈ એસ. પટેલ અને સમગ્ર ટ્રસ્ટી, હોદ્દેદાર તથા આચાર્યા રેશ્મા પટેલ, શિક્ષકગણ તથા શાળા પરિવાર ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

પ્રેસિડેન્સી સિનિયર સિટિઝન્સ સભ્યોની શ્રાવણ માસની ધાર્મિક યાત્રા

સુરતઃ પ્રેસિડન્સી સ્કૂલ સંચાલિત સિનીયર સિટીઝન્સ વ.ચ.ન.લ.ચ.ન. સભ્યો માટે શ્રાવણ માસ નિમિત્તે ધર્મિક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પેશિયલ લક્ઝરી A.C. બસ દ્વારા ગુમાનદેવ, હરસિદ્ધિ માતાનું મંદિર, પોઇચા, નીલકંઠધામના વડીલોને દર્શન કરાવ્યા હતા. યાત્રામાં કુલ 40 સભ્યો જોડાયેલા હતા. સાથે ટ્રસ્ટી હિતેન્દ્ર ચુડાવાળા, ટ્રસ્ટી પ્રધ્યાપક એન. એમ. કારિયા દ્વારા વડીલો માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. એક દિવસીય પ્રવાસનો વડીલોએ ભરપૂર આનંદ માણ્યો હતો.

આજે સહનશીલતા દિન-પ્રતિદિન ઘટતી જાય છે: પદ્મદર્શનસૂરિજી

ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડીના જૈન ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વના તૃતીય દિવસે ધર્મસભા સમક્ષ જણાવ્યું હતું કે, જૈન શાસનનાં એકેક કર્તવ્યો મોસ્ટ પ્રેક્ટિકલી અને વૈજ્ઞાનિક છે. જો આ કર્તવ્યોની ઉજવણી ઉલ્લાસ અને ઉમંગ પૂર્વક કરવામાં આવે તો જીવનના આનંદને કોઇ છીનવી નહીં શકે. અત્યારે ઘણાનાં જીવનમાંથી ઉલ્લાસ ઓસરી રહ્યો છે. જીવનને મઘમઘતું બનાવવા માટે પરમાત્માની આજ્ઞાનું પાલન જરૂરી છે. સમય, સ્થિતિ અને સંયોગો પલટાતાં ઘણી સમસ્યાઓ ઉભી થઇ છે. મૈત્રીભાવનો માંડવો ધ્વસ્ત થઇ રહ્યો છે. સહનશીલતા દિન-પ્રતિદિન ઘટતી જાય છે. જેનાં કારણે ટેન્શન, સ્ટ્રેસ અને ડિપ્રેશનના રોગો વધી રહ્યા છે. પારસ્પરિક સંબંધોની દિવાલ ધ્વસ્ત થઇ રહી છે. પ્રેમ અને લાગણીઓનું સૂરસૂરીયું થઇ રહ્યું છે. વૈશ્વિક સ્તરે પણ વૈર અને વૈમનસ્યની ગાંઠો મજબૂત થઇ રહી છે. બદલાની ભાવનાનું પ્રમાણ વધતું જાય છે.

માત્ર ધો.10-12 પાસ કમ્પાઉન્ડર વડોદમાં ડોક્ટર બની બેઠા હતા

SOG અને મેડિકલ ટીમના દરોડામાં ૨ યુપી-બિહારના બોગસ ડોક્ટરોને પકડી લેવાયા

સુરત : એસ.ઓ.જી (સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ) પોલીસે જિલ્લા આરોગ્ય વિભાગની ટીમને સાથે રાખી વડોદ ગામ વિસ્તારમાં જગદંબા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ ખાતેથી સુરેન્દ્ર ચંદ્રદેવ શાહ (૪૬ ઘંઘો ડોક્ટર રહે. આવિર્ભાવ સોસાયટી વિભાગ એક, પિયુષ પોઇન્ટ પાસે પાંડેસરા) અને ગુરુકૃપા નગર ખાતે આવેલી 'મમતા ક્લિનિક' માંથી રામકૃપાલ રામકિશન વિશ્વકર્મા (ઉ.વ.૫૪ રહે, મારુતિ ટાઉનશીપ ગણેશનગર એકની પાસે વડોદ પાંડેસરા)ને પકડ્યા હતા. બંને પાસે ગુજરાત મેડિકલ કાઉન્સિલનું નોંધણીપત્ર કે એલોપેથિક દવાઓ આપવા માટેની કોઈ ડિગ્રી ન હતી. પોલીસે બંને આરોપીઓ સામે ગુનો નોંધી તેમની અટકાયત કરી છે. બંને કોઈપણ જાતની સક્ષમ તબીબી ડિગ્રી, લાઈસન્સ કે નોંધણીપત્ર વગર ગેરકાયદે રીતે એલોપેથિક દવાનો જથ્થો રાખી બીમાર દર્દીઓના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરતા હતા. બંને સ્થળેથી એલોપેથિક દવાઓ તથા તબીબી સાધનો મળી ૪૭,૨૦૫ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

બોર્ડ વગરની દુકાનમાં પડદા પાછળ ચાલતું બિહારના ઠગનું ક્લિનિક

વડોદ ગામ ખાતે આવેલા જગદંબા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટના પ્લોટ નં. ૨૬માં દુકાન નં. ૪ પર દરોડો પાડતાં બહાર કોઈ બોર્ડ મારવામાં આવ્યું ન હતું. માત્ર આગળના કાચના પાર્ટિશન પર ડોક્ટરનું પ્લસનું નિશાન બનાવેલું હતું. અહીંથી ૪૬ વર્ષીય સુરેન્દ્ર ચંદ્રદેવ શાહને પકડવામાં આવ્યો હતો.

'મમતા ક્લિનિક'માં દર્દીઓની લાઈન લાગી હતી

બીજો દરોડો વડોદગામ ગુરુકૃપાનગર પ્લોટ નં. ૧૧૩ ખાતે આવેલી 'મમતા ક્લિનિક' પર પાડવામાં આવ્યો હતો. દરોડા સમયે યુપીના હમીરપુર જિલ્લાનો વતની ૫૪ વર્ષીય રામકૃપાલ વિશ્વકર્મા કેબિનમાં બેસીને એક દર્દીની તપાસ કરી રહ્યો હતો. ક્લિનિકના પાછળના ભાગે દર્દીઓને દાખલ કરવા ત્રણ ખાટલા પણ રાખવામાં આવ્યા હતા. પૂછપરછ દરમિયાન આરોપી પાસે કોઈ માન્ય તબીબી ડિગ્રી કે લાઈસન્સ ન હોવાનું સામે આવ્યું હતું.

સેન્ટ્રલ ઝોનમાં કચરાના ઢગલા અને ડોર ટુ ડોર મુદ્દે અધિકારીઓની ઝાટકણી

આરોગ્ય સમિતિ ચેરમેન અશોક રાંદેરિયા દ્વારા કોટ વિસ્તારની સાંકડી ગલીઓમાં સફાઈ અને ખાણી-પીણીની લારીઓ પર ચેકિંગની તાકીદ

સુરત : મહાનગરપાલિકાની આરોગ્ય સમિતિના ચેરમેન અશોક રાંદેરિયાએ શહેરમાં સફાઈ અને આરોગ્યલક્ષી કામગીરીની વાસ્તવિક સ્થિતિ જાણવા માટે ઝોનવાઇઝ રિવ્યુ મીટિંગનો પ્રારંભ કર્યો છે. આજે તેમણે પોતાના હોમ ગ્રાઉન્ડ એવા સેન્ટ્રલ ઝોનથી ઝોનવાઇઝ રિવ્યુની શરૂઆત કરી હતી. બેઠક દરમિયાન સેન્ટ્રલ ઝોનમાં ઠેરઠેર કચરાના ઢગલા તેમજ ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ગાડીઓ નિયમિત આવતી ન હોવાની ફરિયાદો સામે આવતા આરોગ્ય વિભાગના અધિકારીઓને આડે હાથ લેવામાં આવ્યા હતા. રાંદેરિયાએ અધિકારીઓને સ્પષ્ટ શબ્દોમાં તાકીદ કરી હતી કે સફાઈ વ્યવસ્થા નિયમિત રહેવી જોઈએ અને ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનની ગાડીઓ સમયસર ન આવતી હોવાની ફરિયાદ હવે ફરી મળવી જોઈએ નહીં. કચરો એકત્ર કરવાની કામગીરીમાં કોઈ બેદરકારી ન રહે અને શહેરના રહેણાંક વિસ્તારોમાં નિયમિત સફાઈ થાય તે માટે અધિકારીઓને કડક સૂચના આપવામાં આવી હતી. ખાસ કરીને સેન્ટ્રલ ઝોનના કોટ વિસ્તારની સાંકડી ગલીઓમાં સફાઈની કામગીરી પડકારરૂપ બનતી હોવાથી અહીં પણ યોગ્ય અને નિયમિત સફાઈ વ્યવસ્થા જાળવવા તાકીદ કરવામાં આવી છે.

કન્ટેનર હતા ત્યારે 100 જગ્યાએ કચરો થતો હવે 200થી વધુ જગ્યાએ થવા માંડ્યો

આરોગ્ય સમિતિ ચેરમેન અશોક રાંદેરીયાએ જણાવ્યું હતુ કે, અગાઉ લોકો કચરો ચોક્કસ જગ્યાએ નાંખી શકે તે માટે કન્ટેનર હતા, વર્ષ 2018માં કન્ટેનર ફ્રી સીટીના કોન્સેપ્ટ હેઠળ શહેરમાંથી 1100 કન્ટેનર હટાવી લેવાયા હતા. ત્યારે સેન્ટ્રલ ઝોનમાંથી પણ 100 જેટલા કન્ટેનર હટાવી દેવાયા હતા. હવે સ્થાનિક નગર સેવકો અને લોકોની ફરિયાદ ઉઠી છે કે ઓપ્સન નહી હોવાથી લોકો જ્યાં ખુણો મળે ત્યા કચરો ફેંકી જતા હોય કોટ વિસ્તારમાં 200થી વધુ જગ્યાએ કચરના ઢગલા થવા માંડ્યા છે. આ સ્પોટ પર જરૂરી મોનિટરીંગ ગોઠવી કાયમી ધોરણે કચરાના સ્પોટ નાબુદ કરવા તાકીદ કરવામાં આવી છે.

ગુજરાત ઔદ્યોગિક નીતિથી દક્ષિણ ગુજરાતમાં રોકાણનાં નવાં દ્વાર ખૂલશે

વાલોડ, વ્યારા અને માંગરોળના વર્ગીકરણ સુધારાને ચેમ્બરનો આવકાર

ટેક્સટાઇલ-એપેરલને થ્રસ્ટ સેક્ટરનો દરજ્જો મળતાં સુરત-નવસારીને મોટો લાભ

સુરતઃ રાજ્ય સરકાર દ્વારા જાહેર કરાયેલી 'ગુજરાત ઔદ્યોગિક નીતિ-2026'ને ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી (SGCCI)એ આવકારી છે. ચેમ્બર પ્રમુખ અશોક જીરાવાલાએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીનો સમગ્ર દક્ષિણ ગુજરાતના ઉદ્યોગજગત વતી આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે નીતિને દક્ષિણ ગુજરાતના ઔદ્યોગિક વિકાસ માટે ગેમ-ચેન્જર ગણાવી હતી.

અશોક જીરાવાલાના જણાવ્યા મુજબ વાલોડ, વ્યારા અને માંગરોળ તાલુકાના વર્ગીકરણમાં સુધારો કરાતા આ વિસ્તારોમાં નવા ઔદ્યોગિક રોકાણ અને રોજગારીની તકો વધશે. પછાત વિસ્તારોને મળતા પ્રોત્સાહનોના કારણે ઉદ્યોગકારો માટે આ વિસ્તારો વધુ આકર્ષક બની શકે છે. ટેક્સટાઈલ અને એપેરલ ક્ષેત્રને 'થ્રસ્ટ સેક્ટર'નો દરજ્જો આપવાનો નિર્ણય સુરત અને દક્ષિણ ગુજરાત માટે ખાસ મહત્વનો છે. નવસારીમાં વિકસી રહેલા PM મિત્રા પાર્ક સાથે મળીને સ્પેશિયાલિટી યાર્ન, ટેકનિકલ ટેક્સટાઈલ અને વેલ્યુ-એડેડ પ્રોડક્ટ્સમાં મોટા રોકાણની સંભાવના ઊભી થશે.

નીતિમાં લાર્જ, મેગા અને અલ્ટ્રા મેગા પ્રોજેક્ટ્સ માટે સ્પષ્ટ રોકાણ અને રોજગારીના માપદંડો નક્કી કરાયા છે. લાર્જ ઈન્ડસ્ટ્રી માટે પ્લાન્ટ-મશીનરીમાં રૂપિયા 125 કરોડથી વધુ રોકાણ, મેગા પ્રોજેક્ટ માટે રૂપિયા 1,000 કરોડ GFCI સાથે ઓછામાં ઓછા 250 રોજગાર અને અલ્ટ્રા મેગા માટે રૂપિયા 10,000 કરોડ GFCI તથા 3,000 સીધી રોજગારીનો માપદંડ છે.

ચેમ્બરના ઉપપ્રમુખ રવિરાજ દેસાઈએ જણાવ્યું કે કેમિકલ-પેટ્રોકેમિકલ, હેવી એન્જિનિયરિંગ, ગ્રીન એનર્જી, રિસાયક્લિંગ સહિતના ક્ષેત્રોને નીતિથી વેગ મળશે. દહેજ, અંકલેશ્વર, વાપી, પાનોલી, સચિન અને હજીરા જેવા ઔદ્યોગિક વિસ્તારોને તેનો સીધો લાભ મળી શકે છે.

અલ્ટ્રા મેગા પ્રોજેક્ટને રૂપિયા 1,250 કરોડ સુધીનું વાર્ષિક પ્રોત્સાહન

પૂર્વ પ્રમુખ નિખિલ મદ્રાસીના જણાવ્યા મુજબ થ્રસ્ટ સેક્ટરમાં સંયુક્ત પ્રોત્સાહન EFCIના 50 ટકા સુધી જઈ શકે છે. જ્યારે લાર્જ ઇન્ડસ્ટ્રી માટે વાર્ષિક રૂપિયા 300 કરોડ, મેગા માટે રૂપિયા 750 કરોડ અને અલ્ટ્રા મેગા માટે રૂપિયા 1,250 કરોડ સુધીના વાર્ષિક પ્રોત્સાહનની જોગવાઈ કરવામાં આવી છે. ચેમ્બરના માનદ્ મંત્રી પરેશ લાઠિયા અને માનદ્ ખજાનચી અતુલ પટેલે જણાવ્યું કે નીતિનો લાભ મોટા ઉદ્યોગો સાથે સંકળાયેલા હજારો MSME એકમોને પણ મળશે. ગુજરાતને હાઇ-વેલ્યુ મેન્યુફેક્ચરિંગ, નિકાસ, ઇનોવેશન અને રોજગારીના ક્ષેત્રે વધુ મજબૂત બનાવવા આ નીતિ મહત્વપૂર્ણ સાબિત થશે.

રાહુલ એપાર્ટમેન્ટના જુગારના અડ્ડા પર દરોડા, 15 જુગારીઓ પકડાયા

રીઢો અખાડા સંચાલક રાહુલ એપાર્ટમેન્ટ અને તેનો ભાઈ અજય સહિત પાંચ ફરાર

સુરત : ઉધના પોલીસે બાતમીના આધારે બાજપાઈ આવાસના ઈ-03 બિલ્ડિંગના ત્રીજા માળે રૂમ નં.13માં ચાલતા હાર-જીતના જુગારના અખાડા પર ત્રાટકીને ૧૫ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા છે. જોકે, અખાડો ચલાવનાર રીઢો આરોપી રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ ભાઈદાસ પીપળે અને તેનો ભાઈ અજય ઉર્ફે અજય એપાર્ટમેન્ટ દરોડા દરમિયાન નાસી છૂટવામાં સફળ રહ્યા હતા, જેથી પોલીસે બંને ભાઈઓને વોન્ટેડ જાહેર કરી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. દરોડા દરમિયાન પોલીસથી બચવા માટે રાહુલ એપાર્ટમેન્ટ અને તેનો ભાઈ અજય એપાર્ટમેન્ટે રૂમની છતમાં બોકોરું પાડી સીડી મૂકી રાખી હોવાનું સામે આવ્યું હતું. પોલીસની કાર્યવાહી સમયે બંને ભાઈઓ સહિત ચાર ઈસમો અંધારાનો લાભ લઈ છતના રસ્તે અગાસી પર પહોંચ્યા બાદ નાસી છૂટ્યા હતા.

પકડાયેલા આરોપીઓ

» શૈલેષ વંગારી (ઉ.વ. ૩૫), રહે.શાહજાનંદ સોસાયટી, ગોડાદરા) » ઇસ્માઇલ શેખ (ઉ.વ. ૩૫), નવા કમેલા, સંજયનગર, ઉમરવાડા, પુણા » રોહીત સોલંકી (ઉ.વ. ૪૯), મકાન નં. ૧૦૮, કદમપલ્લી ભવન સોસાયટી, મજુરા ગેટ, અઠવા » નીતીન પાટીલ (ઉ.વ. ૪૬) મકાન નં. ૭૬, સણીયા કણદે, ડિંડોલી » રફીક પટેલ (ઉ.વ. ૩૯) મકાન નં. ૨૪/૨૫, અમન સોસાયટી, ભાઠેના » વિક્કી પાટીલ (ઉ.વ. ૨૯) મકાન નં. ૧૦૧, શિવ રેસીડેન્સી, નાયરા પેટ્રોલ પંપની બાજુમાં, ડિંડોલી » સાજીદ પટેલ (ઉ.વ. ૪૨) મકાન નં. ૧૨/૧૩, નેશનલ પાર્ક, એસ.ટી. ડેપો પાસે, જંબુસર, ભરૂચ » રાકેશ યાદવ (ઉ.વ. ૪૨) ઘર નં. એચ-૦૮, હરીનગર, ભટાર, ખટોદરા» રસીદખાન ખાન (ઉ.વ. ૬૦) ઘર નં. ૧૩, ગલી આઝાદનગર, ભટાર

વોન્ટેડ આરોપીઓ

રાહુલ ઉર્ફે રાહુલ એપાર્ટમેન્ટ ભાઇદાસ પીપળે અને તેનો ભાઈ અજય, ગજાનંદ ભાસ્કર, અનિલ અને સુલ્તાન મુલ્લા

બીજા દિવસે પણ રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટના હમાલોની હડતાળ યથાવત

સુરતઃ રિંગ રોડ સ્થિત રઘુકુળ ટેક્સટાઈલ માર્કેટનાં પાર્સલ ઊંચકનારા હમાલો બુધવારથી પાર્સલ ઊંચકવાની મજૂરી દરમાં વધારાની માંગને લઈને હડતાળ પર છે. કામદારોની આ હડતાળ ગુરુવારે બીજા દિવસે પણ યથાવત રહી હતી. સુરત જિલ્લા ટેક્સટાઈલ માર્કેટિંગ ટ્રાન્સપોર્ટ લેબર યુનિયનના પ્રમુખ ઉમાશંકર મિશ્રા અને પ્રવક્તા શાન ખાને જણાવ્યું હતું કે, માર્કેટના કેટલાક વેપારીઓએ પોતાના કામદારોને મજૂરી દરમાં વધારો કરવાનું આશ્વાસન આપ્યું છે, પરંતુ જ્યાં સુધી સમગ્ર માર્કેટમાં પ્રતિ પાર્સલ 15 રૂપિયાનો ભાવવધારો જાહેરાત કરવામાં નહીં આવે ત્યાં સુધી આ હડતાળ ચાલુ રહેશે.

સુરતના કાપડના વેપારી સાથે ૨૫.૦૭ લાખની છેતરપિંડી

સુરત : સીટીલાઇટ રોડ પર આર્જવ એપાર્ટમેન્ટમાં રહેતા યોગેશકુમાર મુખેજા (ઉ.વ. ૫૫) સારોલી સ્થિત રાધા રામણ ટેક્ષટાઈલ માર્કેટ-૧ માં આવેલી દુકાન નં-એ/૫૦૮, ૫૦૯ માં સી.બી. ટેક્ષ નામે કાપડનો હોલસેલ વેપાર કરે છે. વર્ષ ૨૦૧૨માં તેમની ઓળખાણ સુરતમાં કાપડ દલાલી કરતા અજીતકુમાર ભુરા સાથે થઈ હતી. દલાલ અજીતકુમારે યોગેશભાઈની ઓળખાણ પશ્ચિમ બંગાળના હાવડા ખાતે દાસનગર જંકશન પાસે 'સાનવી ટેક્ષટાઈલ' ના નામે કાપડનો વેપાર કરતા પ્રોપાયટર અનિલકુમાર મિશ્રા સાથે કરાવી હતી. અનિલ મિશ્રાએ રૂપિયા ૬૪,૮૩,૭૬૩નો કાપડનો માલ લઈને બાદમાં તેની સામે ૩૫,૬૯,૬૮૭ જ ચૂકવ્યા હતા અને બાકીનાનાણાં આપ્યા નહોતા.

માતા-પિતા મજૂરીએ ગયા ને ૯ વર્ષની બાળકી પર પાડોશીનું દુષ્કર્મ

ડરના કારણે બાળકી ચૂપ રહી, પરંતુ બે દિવસ બાદ પેટમાં દુખાવો થતાં ઘટના બહાર આવી, પોલીસે પડોશીને પકડી લીધો

સુરતઃ ભટાર વિસ્તારમાં માતા-પિતા રોજગારી માટે ઘરથી બહાર ગયા હોવાનો લાભ ઉઠાવી પાડોશમાં રહેતા ૪૫ વર્ષીય શખ્સે ૯ વર્ષની સગીરાને લલચાવી પોતાના રૂમમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે.

મળતી માહિતી મુજબ, ભટારમાં રહેતો પરિવાર મૂળ બિહારનો વતની છેલ્લા છ મહિનાથી સુરતમાં મજૂરીકામ કરી પોતાનું ગુજરાન ચલાવે છે. બનાવના દિવસે બાળકીના માતા-પિતા રોજગાર અર્થે પાલનપુર જકાતનાકા ખાતે મજૂરીકામ માટે ગયા હતા. ઘરે તેમના બાળકો એકલા હતા ત્યારે તે જ ગલીમાં રહેતા ૪૫ વર્ષીય પાડોશી નંદલાલ રામબહાદુર મુખીયાએ ૯ વર્ષીય સગીરાને લલચાવી-ફોસલાવીને પોતાના રૂમમાં લઈ જઈ દરવાજો બંધ કરી દીધો હતો અને બાળકી સાથે દુષ્કર્મ આચર્ય